# ૧૩ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના

## ❒ યોજનાનો ઉદ્દેશ

- ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમ વર્ગીય પરિવારો પોતાની પસંદગીવાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે .

## ❒ પાત્રતાના ધોરણો

- લાભાર્થી કુટુંબનો ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ તેમજ શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની બીપીએલ યાદીમાં સમાવેશ જરૂરી.
- રૂ.૧.૨૦ લાખ કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવકનો દાખલો.

## ❒ યોજનાના ફાયદા/સહાય

- યોજના હેઠળ ગંભીર બીમારીઓ જેવી કે હૃદય, કીડની, કેન્સર, નવજાત શિશુઓના ગંભીર રોગ, ગંભીર ઇજાઓ, બર્ન્સ અને મગજના રોગો જેવી બીમારીઓની કુલ ૫૪૪ જેટલી પ્રોસીજર માટે કુટુંબ દીઠ વાર્ષિક રૂ.૨ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- મા કાર્ડ ધરાવતો લાભાર્થી યોજના સાથે જોડાયેલ કુલ ૧૧૨ જેમાં ૬૮ ખાનગી ૧૯ સરકારી તેમજ ૨૫ સ્ટેન્ડ અલોન ડાયાલીસીસ સેન્ટરમાં જઇને લાભ લઇ શકે છે.
- લાભાર્થીના કુંટુંબના દરેક સભ્યના ફોટો, બાયોમેટ્રિક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું ક્યુ.આર. (ક્વીક રિસ્પોન્સ) **મા/મા વાત્સલ્ય કાર્ડ** આપવામાં આવે છે.

## ❒ પ્રક્રિયા

- મા/મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ તાલુકા કક્ષાએ સ્થાપિત ૨૫૧ કિઓસ્ક તેમજ સીટી કક્ષાએ સ્થાપિત ૬૭ કિઓસ્ક પરથી મેળવી શકે છે.
- લાભાર્થી કુટુંબના ફોટા અને અંગુઠાના નિશાન લઇ તાલુકા વેરિફાર્યીંગ ઓથોરિટી દ્વારા ચકાસણી કરી કાર્ડ આપવામાં આવે છે.

## ❒ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

- રાજ્ય કક્ષાએ સ્ટેટ નોડલ સેલની રચના કરવામાં આવેલ છે.
- ક્લેઇમ પ્રોસેસ, હોસ્પિટલ એમપેનલમેન્ટ, આઇ.ઇ.સી. પ્રવૃત્તિઓ માટે **Implementation Support Agency** તરીકે એમ.ડી.ઇન્ડીયા હેલ્થકેર નેટવર્ક પ્રા.લિ.ને નિયુક્ત કરેલ છે.

## ❒ અન્ય શરતો

- યોજના હેઠળ મા/મા વાત્સલ્ય કાર્ડ કઢાવવું જરૂરી છે.
- યોજના અંતર્ગત ગંભીર બીમારીઓની નિયત કરેલ ૫૪૪ પ્રોસિજરોની સારવાર સંલગ્ન હોસ્પિટલોમાંથી જ મળવાપાત્ર થાય છે.



Scanned by CamScanner